# અધ્યાય ૩૯
## ગીતાશ્લોકાર્થ નિવેદન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં ભગવદ્ગીતાના એક શ્લોકનો જે અર્થ બાબાએ કરી આપેલો તેનું વર્ણન છે. કેટલાક કહે છે કે બાબા સંસ્કૃત જાણતા નહોતા અને શ્લોકનો અર્થ તો નાનાસાહેબ ચાંદોરકરે કર્યો હતો. તેના ઉત્તર રૂપે જ આ અધ્યાય તથા પચાસમો અધ્યાય લખાયો છે.

**ઉપોદ્ઘાત :** ધન્ય છે શિરડીને અને ધન્ય છે દ્વારકામાઈને. પોતાની મહાસમાધિ લગી આ દ્વારકામાઈમાં જ બાબા સદા વાસ કરીને રહ્યા તથા હર્યાફર્યા છે. શિરડીના લોકોને પણ ધન્ય છે; જેમની પર કૃપા કરી બાબા દૂરથી આવીને શિરડીમાં વસ્યા હતા. શિરડી પ્રથમ તો નાનું ગામ હતું પણ બાબાના વાસને લીધે જ તેનું આટલું બધું મહત્ત્વ વધ્યું અને યાત્રાનું એક પવિત્ર તીર્થસ્થળ બની ગયું. શિરડીના સ્ત્રીવર્ગને ધન્ય છે તથા તેમની સમગ્ર દઢ ભક્તિને ધન્ય છે ! સ્નાન કરતાં, દળતાં, ધાન ખાંડતાં, ઘરનાં સર્વ કામ કરતાં કરતાં એ બહેનો બાબાના ગુણગાન ગાતી હતી ! તેમના પ્રેમને ધન્ય છે, જેમનાં મધુર ગાનથી શ્રોતા-વક્તાનાં ચિત્ત શાંત બનતાં હતાં !

બાબાનો અર્થ : બાબા સંસ્કૃત જાણતા હતા એવું તો કોઈ માનતા જ નહિ. એક દહાડો ગીતાના એક શ્લોકનો સરસ અર્થ તેમણે નાનાસાહેબ ચાંદોરકરને કરી બતાવ્યો ત્યારે બધાંને ભારે આશ્ચર્ય થયું હતું. તે પ્રસંગનો ટૂંકો વૃત્તાંત નિવૃત્ત મામલતદાર શ્રી બી.વી. દેવે લખીને શ્રી સાઈલીલા માસિકના પુ.૪ માં. સ્ફૂટ વિષય પાન પંદર પર પ્રગટ કરેલ છે. વળી શ્રી

નૃસિંહસ્વામીએ પણ તેનો ટૂંકો વૃત્તાંત તેમના 'શ્રી સાઈનાં ચાર્ટર્સ ઍન્ડ સેઈંગ્સ' નામના ગ્રંથમાં તેમજ 'વંડરસ સેઇન્ટ સાઈબાબા' નામે ગ્રંથમાં તથા ભક્તોના અનુભવ ભા. ૩ માં પણ પ્રકટ કરેલ છે. આ બાબતની સર્વ માહિતી શ્રી દેવને નાનાસાહેબની પોતાની પાસેથી મળી હતી. તેથી તેમની કહેલી હકીકત જ નીચે આપી છે.

નાનાસાહેબ ચાંદોરકર વેદાંતના સારા અભ્યાસી હતા. તેમણે ભગવદ્ગીતા પરની વિવિધ ટીકાઓ વાંચી હતી. તેઓને આ જ્ઞાનનો જરા ગર્વ પણ હતો. બાબા કંઈ સંસ્કૃત જાણતા નથી; અગર તેમને આવું કંઈ જ્ઞાન નથી, એવી તેમની કલ્પના હતી. તેથી બાબાએ જ એક દહાડે એ ફોલ્લો ફોડ્યો. બાબા પાસે થોકબંધ માણસો આવવા લાગ્યાં તે પહેલાંના સમયની વાત છે. એ વખતે બાબા ભક્તો જોડે મસીદમાં એકલા બેસીને કથાવાર્તા કરતા હતા.

એકવાર નાનાસાહેબ બાબા પાસે બેસીને તેમના પગ દાબતા હતા. એમના મનમાં કંઈક ગણગણતા હતા. ત્યારે બાબાએ પૂછ્યું, ''નાના, તું શું ગણગણે છે?'' નાનાએ કહ્યું, ''સંસ્કૃતનો એક શ્લોક બોલું છું.'' બાબાએ પૂછ્યું, ''કયો શ્લોક ?'' ત્યારે નાનાએ કહ્યું, ''ભગવદ્ગીતાનો એ શ્લોક છે.'' બાબાએ આજ્ઞા કરી : ''જરા મોટેથી એ શ્લોક બોલ જોઈએ.''

પછી નાનાસાહેબ ભગવદ્ગીતાના અધ્યાય ચોથાનો નીચેનો શ્લોક બોલ્યા:

तद् विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।

उपदेक्ष्यन्ति तेऽज्ञानं ज्ञानिन: तत्त्वदर्शिन : ॥

બાબાએ પૂછ્યું : ''નાના, આનો અર્થ તું સમજે છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ આજ્ઞા કરી, ''જો સમજતો હો તો મને કહે જોઈએ.'' નાનાએ કહ્યું : ''તેનો અર્થ આવો થાય છે : સાષ્ટાંગ પ્રણામ કરીને, ગુરુને પ્રશ્નો પૂછીને, તથા તેમની સેવા કરીને આ જ્ઞાન શું છે તે શીખજે. ત્યારે જ જે જ્ઞાનીઓને આ સદ્વસ્તુ, બ્રહ્મનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું છે તેઓ તને આ જ્ઞાનનો ઉપદેશ આપશે.''



બાબા બોલ્યા : ''નાના, આખા શ્લોકના એકત્ર કરેલા આવા સારની મને જરૂર નથી. મને શબ્દે શબ્દ કહે. અને તેમાં વ્યાકરણના અર્થ તથા શબ્દ પર કેવો ભાર મૂક્યો છે તે બધું મને સમજાવ.''

નાનાએ શબ્દેશબ્દ સમજાવવા માંડ્યા. બાબાએ પૂછ્યું, ''નાના, સાષ્ટાંગ પ્રણામ જ પૂરતા છે ?'' ત્યારે નાનાએ કહ્યું, ''સાષ્ટાંગ નમન સિવાય 'પ્રણિપાત' શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું: ''પરિપ્રશ્ન એટલે શું ? નાનાએ કહ્યું, ''પ્રશ્ન પૂછવા તે.'' ત્યારે વળી બાબાએ પૂછ્યું, ''પ્રશ્નનો શું અર્થ થાય ?'' નાનાએ કહ્યું, ''એ જ, પૂછવું તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જો પરિપ્રશ્નનો અર્થ પ્રશ્ન જ થાય તો પછી વ્યાસે તેની પહેલાં 'પરિ' શા માટે લગાડ્યું છે ? શું વ્યાસ ગાંડા હતા ?'' ત્યારે નાનાએ ઉત્તર દીધો, ''પરિપ્રશ્ન શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું : ''સેવા. અહીં કયા પ્રકારની સેવા કહી છે?'' નાનાએ કહ્યું : ''જે પ્રકારની સેવા અમે નિત્ય કરીએ છીએ તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''આવી સેવા કરવી પૂરતી છે ?''

નાનાએ કહ્યું, ''સેવા શબ્દમાં બીજું વધારે શું સૂચન છે તે હું જાણતો નથી.''

વળી બાબાએ પૂછ્યું, ''એ પછીની લીટીમાં 'ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાન' છે તેમાં જ્ઞાન પહેલાં કંઈ પ્રત્યય કે શબ્દ અધ્યાહાર છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ પૂછ્યું, ''કયો શબ્દ ? ત્યારે નાનાએ કહ્યું, ''અજ્ઞાનં.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જ્ઞાનને બદલે એ શબ્દ મૂકવાથી આ શ્લોકનો કોઈ બીજો અર્થ થાય છે ?'' નાનાએ કહ્યું, ''ના. શાંકરભાષ્યમાં આવી રચના આપી છે.'' ત્યારે બાબાએ કહ્યું, ''જો તેમાં કંઈ સમજાવ્યું નથી તો પછી એ વાત કંઈ જરૂરની નથી. અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ બરાબર થતો હોય તો તે મૂકવામાં કંઈ વાંધો છે ?'' નાનાએ કહ્યું, ''આમાં અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ શું કરવો તે મને સમજાતું નથી.''

*વળી બાબાએ પૂછ્યું, ''જ્ઞાની ને તત્ત્વદર્શીને સાષ્ટાંગ પ્રણામ કરવા, પ્રશ્નો પૂછવા, સેવા કરવી એ સર્વ શ્રીકૃષ્ણ અર્જુનને શા માટે ફરમાવે છે ? શું શ્રી કૃષ્ણ જ તત્ત્વદર્શી નહોતા ? શું તે જ જ્ઞાનસ્વરૂપ નહોતા ?'' નાનાએ કહ્યુ, ''હા, તે હતા. તો પછી તેમણે અર્જુનને કોઈ જ્ઞાનીને પૂછવાની આજ્ઞા શા માટે કરી તેનો હેતુ હું સમજતો નથી.''*

*બાબાએ પૂછ્યું, ''આ સર્વ તું સમજ્યો નથી ?''*

*આમ નાનાએ પોતાનું અજ્ઞાન કબૂલ કરવું પડ્યું. તેથી તેમનું અભિમાન ઘવાયું હતું. પછી એ શ્લોકનો સાચો અર્થ બાબાએ જ તેને સમજાવ્યો હતો.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ગીતા શ્લોકાર્થ નિવેદન***
***નામ ઓગણચાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***